રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૯૨ નવા કેસ, ૩૩ના મોત

કુલ સંક્રમીતનો આંકડો ૧૮૬૦૯ને પાર : ૬૮ વેન્ટિલેટર પર : રાજ્યમાં દર્દીના સાજા થવાનો દર ૬૮.૦૯ ટકા, કુલ એક્ટિવ કેસ ૪૭૭૯, સ્ટેબલ ૪૭૧૧

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમા કોરોનાના ૪૯૨ નવા દર્દી નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૨૯૧, સુરતમાં ૮૧, વડોદરામાં ૩૯, ગાંધીનગરમાં ૨૪, કેસો સપાટીએ આવ્યા છે. એક તરફ કોરોના મહામારીએ લોકોમાં ભારે ભયનો માહોલ ઊભો કર્યો છે ત્યારે બીજી તરફ રાજ્ય સરકાર આ વાયરસ સામે નાગરિકોને સુરક્ષિત રાખવા અને સંક્રમણ અટકાવવા પ્રતિબધ્ધતા પૂર્વક પગલાં લઈ રહી છે. ગુરૂવારે રાજ્યમાં ૪૯૨ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાય છે પણ તેની સામે ૪૫૫ જેટલા દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. સરકાર દ્વાર અત્યાર સુધીમાં કુલ ૨,૩૩,૯૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં કુલ ૨,૨૦,૬૯૫ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવી છે જે પૈકીની ૨,૧૩,૨૬૨ વ્યક્તિ તો હોમ ક્વોરન્ટાઈન છે અને ૭,૪૩૩ લોકો ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા હોવાનું સરકારે તેની યાદીમાં જણાવ્યું છે. ગુરૂવારના રોજ સમગ્ર રાજ્યમાં કોરોનાના ૪૯૨ નવા દર્દીઓ નોંધાયા છે તથા ૩૩ લોકોનાં મોત થયા છે જેમાં અમદાવાદમાં? ૨૮, બોટાદ, કચ્છ, ગાંધીનગર, પાટણ અને? વલસાડ ખાતે ૦૧ વ્યક્તિઓનાં મૃત્યુ નિપજ્યાં છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૧૫૫ લોકોનાં મૃત્યુ થયા છે. છેલ્લા ચોવિસ કલાકમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં ૨૯૧, સુરતમાં ૮૧, વડોદરામાં ૩૯, ગાંધીનગરમાં ૨૨ કેસ મુખ્ય છે.

બનાસકાંઠામાં વધુ છ વ્યક્તિના કોરોના રિપોર્ટ પોઝિટિવ

ધાનેરા ત્રણ અને ડીસામાં ત્રણ વ્યક્તિઓને કોરોના પોઝિટિવ : જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૩૩ એ પહોંચ્યો

પાલનપુર

બનાસકાંઠામાં ગુરૂવારે વધુ ૬ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ધાનેરા ૩ અને ડીસામાં ૩ વ્યક્તિઓને કોરોના પોઝિટિવ આવતાં ફફડાટ પ્રસર્યો છે. જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૩૩ એ પહોંચ્યો છે. જ્યારે ૫ વ્યક્તિઓના મોત થયા છે.

બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે વધુ ૬ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના ડીસાના વેલુંનગર, શ્રીનિવાસ સોસાયટી અને રાજ મંદિર વિસ્તારોમાં ત્રણ મહિલાઓ જ્યારે ધાનેરાના વાછોલ, ધાનપુરા (ખેડા) અને બાપલા ગામે ત્રણ યુવકોનરો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૩૩ એ પહોંચ્યો છે. જ્યારે ૫ વ્યક્તિઓના મોત થયા છે.

અરવલ્લી જિલ્લામાં અનલોક ભારે પડી શકે છે..!

વધુ નવા ૪ કેસ પોઝેટીવ સાથે ૧૨૫ અને મોડાસા શહેરમાં ૪૧ એ કોરોના પહોંચ્યો

લોકડાઉન-૧ માં કોરોના સામે સંપૂર્ણ સલામત રહેલો અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ માં કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી લોકો પ્રવેશતા કોરાના વિસ્ફોટ થતા ૨૪ કલાકમાં ૨૫ લોકો કોરોનાનો શીકાર બન્યા હતા. લોકડાઉનમાં ગેરકાયદે છુટછાટ ભોગવવું મોડાસા શહેર જિલ્લાના નાગરિકોને ભારે પડયું હતું અને કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી હતી, તે દરમ્યાન લોકડાઉન-૩ માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા ટેસ્ટીંગ વધારી દેવાના કારણે કોરોનાના સંક્રમણ ઉપર તંત્રને કાબુ મળ્યો હોય તેવી સ્થિતિ ઉભી થઈ હતી, પરંતુ છુટછાટવાળું લોકડાઉન-૪ અને ત્યારબાદ છેલ્લા ત્રણ દિવસથી અનલોક-૧ ચાલી રહયું છે જેમાં મોડાસા શહેર અને જિલ્લામાં લોકો ભયમુક્ત થઈને બેફામ અવર જવર કરી રહયા છે જેના પગલે મોડાસા શહેર અને જિલ્લામાં આજે કોરોના બોમ્બ ફુટયો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ૪ લોકો કોરોનાગ્રસ્ત બનતાં જીલ્લામાં કોરોનાનો આંક ૧૨૫ પર પહોંચ્યો છે.

અરવલ્લી જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં મોડાસા શહેરના મહેતાવાડા રહેતા આધેડ, કોલીખડ ગામનો યુવક, ટીંટોઈ ગામની ૫૦ વર્ષીય મહિલા અને ધનસુરા તાલુકાના બુટાલ ગામનો ૩૧ વર્ષીય યુવક કોરોનાથી સંક્રમિત થતા જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જીલ્લામાં અત્યાર સુધી ૧૦૯ લોકો કોરોના સામે જંગ જીત્યા હતા ત્યારે ૭ લોકોને કોરોના ભરખી ગયો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનીટી ટ્રાન્સમિશનનો ખતરો હોવા છતાં લોકો કોરોના સામે સાવચેતી દાખવવાના બદલે બેદરકાર જણાઈ રહ્યા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૩૩૫૪	૯૩૮	૯૨૨૮
સુરત	૧૮૭૫	૮૦	૧૨૪૫
વડોદરા	૧૧૭૯	૪૨	૭૦૨
ગાંધીનગર	૩૬૦	૧૫	૧૭૨
ભાવનગર	૧૩૨	૦૯	૧૦૫
બનાસકાંઠા	૧૩૩	૦૫	૯૭
આણંદ	૧૦૬	૧૦	૯૧
રાજકોટ	૧૧૯	૦૩	૭૩
અરવલ્લી	૧૧૭	૦૭	૧૦૭
મહેસાણા	૧૩૮	૦૬	૭૮
પંચમહાલ	૯૭	૧૦	૭૨
બોટાદ	૬૦	૦૨	૫૪
મહીસાગર	૧૧૬	૦૨	૯૨
ખેડા	૮૧	૦૪	૫૮
પાટણ	૮૬	૦૭	૬૫
જામનગર	૫૫	૦૩	૪૨
ભરૂચ	૪૮	૦૩	૩૪
સાબરકાંઠા	૧૧૧	૦૩	૮૦
ગીર-સોમનાથ	૪૫	૦૦	૪૨
દાહોદ	૪૫	૦૦	૩૨
છોટાઉદેપુર	૩૩	૦૦	૨૩
કચ્છ	૮૩	૦૪	૫૫
નર્મદા	૨૩	૦૦	૧૮
દેવભૂમિ દ્વારકા	૧૪	૦૦	૧૧
વલસાડ	૪૧	૦૨	૧૮
નવસારી	૨૮	૦૧	૧૩
જૂનાગઢ	૩૧	૦૧	૨૬
પોરબંદર	૧૨	૦૨	૦૬
સુરેન્દ્રનગર	૪૩	૦૧	૧૯
મોરબી	૦૪	૦૦	૦૩
તાપી	૦૬	૦૦	૦૫
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૧૦	૦૧	૦૨
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	**૧૮૬૦૯**	**૧૧૫૫**	**૧૨૬૬૭**

"નિસર્ગ" વાવાઝોની અસર અરવલ્લીના વાતાવરણમાં પલટો

ગુજરાતના માથેથી નિસર્ગ વાવાઝોડોના ખતરો તો ટળી ગયો, પરંતુ વાવાઝોડાની અસરને પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો છે. અરવલ્લી જીલ્લામાં નિસર્ગ વાવાઝોડાની અસરના પગલે જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો, બપોરે આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાતા અને ભારે પવન સાથે મેઘરજ અને મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટું ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદીનાં ઝાપટાંના પગલે મગફળીના પાકમાં નુકશાન થવાની દહેશતના પગલે ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી. નિર્સગ વાવાઝોડાની અસરના પગલે રાજ્યમાં બે દિવસ મધ્યમથી હળવો વરસાદ ખાબકવાની શક્યતા હોવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગુરુવારે બપોરે અરવલ્લી જીલ્લામાં વાતાવરણમાં પલટો આવવાની સાથે સુસવાટાવાળા પવનો સાથે મેઘરજ-મોડાસા પંથકમાં વીજળીના ચમકારા અને કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ ખાબકતા ખેતરો-માર્ગો પર પાણી ફરી વળ્યા હતા, ભારે પવન સાથે ધૂળની ડમરી ઉડતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરાવો પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં આકાશમાં વાદળો છવાયા બાદ વરસાદી છાંટા પડ્યા હતા. વરસાદી ઝાપટાથી ભારે ઉકળાટ બાદ ઠંડા પવનો ફૂંકાતા લોકોને ગરમીથી રાહત મળી હતી. કમોસમી વરસાદને પગલે ખેતી પાકને નુકશાન થાય તેવી શક્યતાઓને લઈ ખેડૂતોમાં ચિંતા જોવા મળી હતી.

ભાજપના ધારાસભ્ય કિશોર ચૌહાણનો રિપોર્ટ પોઝિટિવ

કોરોનાથી રાજ્ય સહિત વિશ્વભરના મોટાભાગના દેશમાં હાહાકાર છે. ઘાતક કોરોના વાયરસના કેસ દિવસેને દિવસે રાજ્યમાં પણ સતત વધી રહ્યા છે. આ વાયરસની ચપેટમાં ભાજપના ત્રીજા ધારાસભ્ય આવી ગયા છે. અમદાવાદની વેજલપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય કિશોર ચૌહાણ કોરોનાની ચપેટમાં આવી ગયા છે. તેમનો રિપોર્ટ પઝિટિવ આવતા તેમને તેમના ઘરે જ કોરન્ટાઈન કરી સારવાર આપવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ ગુજરાત ભાજપાના બે ધારાસભ્યો કોરોના પોઝિટિવ આવી ચુક્યા છે. જેમાં નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ અને નરોડાના ધારાસભ્ય બલરામ નથવાણીનો સમાવેશ થાય છે.

કોરોના વિસ્ફોટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૭માં આવેલ આનંદનગરમાં એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આનંદનગર એ હાઉસીંગ બોર્ડના મકાનોની સોસાયટી છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યા છે. સે. ૩૦ માં વિમાન સામેની ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી એક ૨૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી શાકભાજીની લારી ચલાવતો હતો અને સ્કીનીંગ દરમ્યાન શંકાસ્પદ જણાતાં તેના નમુના લઈ ચકાસણી માટે મોકલતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવકના પરિવારના સાત સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યા છે.

સે. ૨૩ માં આવેલ છ-ટાઈપમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા કલોલ ખાતે તેના સાસુમા જે કોરોનાથી સંક્રમિત થતાં ખબર કાઢવા ગયેલ તેમ જાણવા મળેલ છે. આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ ઉપરાંત સે. ૨૩ માંથી અન્ય એક મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. સે. ૧૫ના ફતેપુરા વિસ્તારમાંથી એક ૪૦ વર્ષીય કરિયાણાના વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વેપારીના સંપર્કમાં કેટલા વ્યક્તી આવ્યા હતા તેની શોધખોળ તંત્ર દ્વારા ચાલી રહી છે. જો કે વેપારીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

સે. ૧૩-બી માંથી પણ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર દ્વારા આ મહિલાના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪માં રહેતી બે વ્યક્તીઓ જે આઈઆઈટી ગાંધીનગર ખાતે નોકરી કરે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કેટેગરીમાં રહેતા આ બન્નેનો પુત્ર અમદાવાદ ખાતે નોકરી કરતો હોવાનો જાણવા મળેલ છે.

સે. ૨-બી માં રહેતા એક ૩૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક કેવી રીતે સંક્રમિત થયો તેની વિગતો જાણવા મળી શકી નથી. જો કે આ યુવકના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

સે. ૭-એ માંથી એક ૧૪ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દિકરીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સે. ૨૧ માં ઓશિયા મોલ સામેના છાપરામાં રહી છુટક મજૂરી કરી રોજગારી મેળવતી એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ આજે પોઝીટીવ આવેલ છે. આ મહિલાની સાથે રહેતા તેના પરિવારના ૪ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યા છે.

આજે શહેરમાં એક સાથે ૧૩ કેસ નોંધાતા તંત્ર આખો દિવસ દોડધામ કરતુ રહ્યુ હતુ. શહેરમાં નોંધાયેલ કેસોની સંખ્યા ૧૨૪ થવા પામી છે. શહેરમાં પણ મહિલા દર્દીઓની સંખ્યામાં થઈ રહેલો વધારો એ તંત્રની ચિંતામાં વધારો કર્યોછે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સના આદેશો જારી કરવા ઉપરાંત વિવિધ સેક્ટરોમાં સેનેટાઈઝેશનની કામગીરીને પણ વેગીલી બનાવવામાં આવી છે.

ભીંજારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મિજાજથી પણ નગરજનો દરરોજ આકાશ તરફ નજર માંડે છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૩૮ ડીગ્રીની આસપાસ રહે છે. ગરમીનો પારો ૪૦ ડીગ્રીથી નીચે ઉતરી જતા નગરજનોને ગરમીમાં રાહત થઈ છે. જયારે રાત્રિનુ તાપમાન પણ ગગડયુ છે. વાતાવરણ પલ્ટા વચ્ચે ભેજનુ પ્રમાણ પણ વધતા ગઈકાલે રાત્રિના વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. જેના લીધે નગરના સેકટરોમાં ભીંજારો પ્રવર્તાયો હતો. મોડીરાત્રે વરસાદી ભીંજારાથી અગાશીમાં નિંદર લેતા નાગરિકો દોડીને ઘરમાં ઘુસી ગયા હતા.

પેકેજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રમિક, નાના વેપારી, ઊદ્યોગ, ધંધા રોજગાર સૌના હિતની પ્રતિબદ્ધતા સાથે બનાવવામાં આવેલું 'સબ સમાજકો લિયે સાથ મેં આગે હૈ બઢતે જાના'ની ભદ્ર ભાવનાવાળું પેકેજ છે. મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલા રૂ. ૧૪૦૨૨ કરોડના ગુજરાત આત્મનિર્ભર પેકેજની વિસ્તૃત વિગતો આ મુજબ છે.

વાણિજ્યિક એકમોને વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સના ચુકવણામાં ૨૦%ની માફી આપવામાં આવશે. રૂપિયા ૬૦૦ કરોડની આ માફીનો લાભ રાજ્યના અંદાજિત ૨૩ લાખ વાણિજ્યિક એકમોને મળશે. જેમાં શહેરી વિસ્તારના તમામ રહેણાંક મિલકતોના વર્ષ ૨૦૨૦-૨૧ના ભરવાના થતા પ્રોપર્ટી ટેક્સજો ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી ચુકવવામાં આવશે તો ૧૦%ની માફી આપવામાં આવશે. જેનો લાભ અંદાજીત ૭૨ લાખ પ્રોપર્ટી ધારકોને થશે અને તેમને રૂ. ૧૪૪ કરોડની રાહત મળશે.

માસિક ૨૦૦ યુનિટ કરતા ઓછો વીજ વપરાશ કરનાર રહેણાંક વીજ ગ્રાહકોનું ૧૦૦ યુનિટનું વીજળી બીલ એક વખત માટે માફ કરવામાં આવશે. આથી રૂ. ૬૫૦ કરોડ ના વીજ બીલ માફીનો લાભ રાજ્યના આશરે ૯૨ લાખ વીજ ગ્રાહકોને મળશે.

અંદાજે ૩૩ લાખ વાણિજ્યિક વીજ ગ્રાહકો અને ઉદ્યોગો માટે ? વીજ કનેકશન ધરાવતા વીજ ગ્રાહકોને વીજ બિલમાં મે-૨૦૨૦નો ફિક્સ?ડ ચાર્જ માફ કરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી કુલ રૂ. ૨૦૦ કરોડનો ચાર્જ માફ કરવામાં આવશે. આ ઉપરાંત વીજળીનું (ઔધોગિક) કનેકશન ધરાવતા વીજ ગ્રાહકોને મે ૨૦૨૦ના ફિકસ ચાર્જિસનું રૂ. ૪૦૦ કરોડનું ભારણ હાલમાં ન પડે તે હેતુથી આ ફિક્સ ચાર્જિસના ચુકવણા માટે મુદત વધારી સદર રકમ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ એમ ચાર મહિનામાં વ્યાજ વગર સરખા ભાગે ચુકવવાની છુટ આપવામાં આવે છે.

વિવિધ નાની દુકાનો જેવી કે કરીયાણા, કાપડ, રેડીમેઇડ કપડા, મેડીકલ સ્ટોર, હાર્ડવેર, કલરકામ, પ્રોવિઝનલ સ્ટોર, કટલરી, બેકરી, સ્ટેશનરી, મોબાઈલ શોપ્સ, ગેરેજ, શોપીંગ સેન્ટરો અને મોલમાં આવેલી દુકાનો તેમજ વિવિધ સેવાઓ જેવી કે વકીલો, ચાર્ટેડ એકાઉન્ટ, ટ્રાવેલ એજન્સીઓ, ટાન્સપોર્ટની ઓફિસો, કોચીંગ ક્લાસ, ફોટો સ્ટુડીઓ, બ્યુટી પાર્લર, સલુન ચલાવતા દુકાનદારોને કોરોના મહામારીના સમયમાં લોકડાઉનના કારણે આવક થઈ ન હતી.

આથી તેમને આર્થિક રાહત આપવાના હેતુથી જુન, જુલાઈ અને ઓગષ્ટના એમ ત્રણ મહિના માટે લાગતો વીજકર ૨૦ ટકાથી ઘટાડી ૧૫ ટકા કરવામાં આવશે. આનો લાભ રાજયના ૩૦ લાખ જેટલા દુકાનદારો / વેપારીઓ / કારીગરોને મળશે. આ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રૂ. ૮૦ કરોડની આર્થિક રાહત આપવામાં આવશે.

લોક ડાઉનના કારણે નાગરિકોને પરિવહન માટે નિયંત્રણ હોવાથી ખાનગી લકઝરી બસો (કોન્ટ્રાકટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી (મેકસી કેબ)ના વગેરેના ધંધાને ઘણી મોટી અસર થઈ છે. આવા સંજોગોમાં તેમને ૧લી એપ્રિલ-૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીના ૬ મહિનાના રોડ ટેક્ષ ભરવામાં સંપૂર્ણ માફી આપવામાં આવશે. જે અંતર્ગત ૬૩ હજાર વાહન ધારકોને રૂ. ૨૨૧ કરોડની રોડ ટેક્ષ માફી મળશે.

આ ઉપરાંત રાજ્યના માર્ગ અને મકાન, સિંચાઈ, પાણી પુરવઠા અને નર્મદા જેવા વિભાગોના સરકારી કામો માટે કોન્ટાકટરોને હંગામી ધોરણે વીજ કનેક્શન આપવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન પ્રોજેકટનું કામ બંધ હોવાથી આ દરમિયાન ચાર્જ કરવામાં આવેલ ફિક્સ્ડ વીજ બિલને માફ કરીને રૂ.૫ કરોડની સહાય આપવામાં આવશે.

કોરાના આતંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચર્ચા થઈ રહી છે. આટલી મોટી સંખ્યામાં કેસો રોજેરોજ બહાર આવવા તે એ બાબતનો ભયજનક સિગ્નલ હોઈ શકે કે શું ભારતમાં ખરેખર સમુદાય સંક્રમણનો દોર શરૂ થયો છે કેમ. આ એક એવો દોર છે કે તેમાં જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રીના હોય તો પણ તેને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોય છે નિષ્ણાતો દ્વારા તેને . કોમ્યુનિટી સંક્રમણ તરીકે ઓળખવામાં આવે છે. સરકારે અને નિષ્ણાતાઓએ લોકડાઉન-૧ વખતે લોકોને ચેતવણી આપી હતી કે ભારત સંક્રમણના બીજા તબક્કામાં છે અને જો ત્રીજા તબક્કામાં પ્રવેશ કરશે તો હાહાકાર મચી જાય એટલા કેસો બહાર આવશે. તે જોતાં રોજના ૮ હજાર અને હવે ૯ હજાર કરતાં વધારે કેસો ખતરનાક માનવામાં આવી રહ્યાં છે.

સૂત્રોએ કહ્યું કે કોરોના વાઈરસની ચેઈન એટલે કે સાંકળ તોડવા માટે અને લોકોને કોરોનાથી બચાવવા માટે ભારતમાં ૬૦ દિવસ સુધી તબક્કાવાર ૪ લોકડાઉન લાદવામાં આવ્યું હતું. પરંતુ તેમ છતાં કેસો વધવાને બદલે જાણે કે ધીમે ધીમે વધી રહ્યાં હોય તેમ હવે આંકડો ૯ હજારની ઉપર સુધી પહોંચી ગયો છે. મંગળવારે ૮ હજારની ઉપર અને ગઈકાલે બુધવારે ૯ હજારની ઉપર કેસો બહાર આવી રહ્યાં છે. અલબત્ત, સત્તાવાળાએએ આ કેસો વધવા માટે કોમ્યુનિટી સંક્રમણનો ઈંકાર કર્યો છે.

મેક શિફ્ટ હોસ્પિટલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલોની સ્થાપના કરવી પડશે. કેન્દ્ર સરકાર તરફથી દાખલ સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે હવે દેશમાં તેજીથી કોરોના સંક્રમિતોની સંખ્યા વધી રહી છે. એવામાં નજીકનાં ભવિષ્યમાં વર્તમાન હોસ્પિટલો સિવાય કોરોના દર્દીઓ માટે અસ્થાયી મેક-શિફ્ટ હોસ્પિટલોનું નિર્માણ કરવાનું રહેશે. જેથી તેમની દેખભાળ કરી શકાય. કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું કે, સંકટનાં સમયમાં દેખભાળમાં જોડાયેલા સ્વાસ્થ્ય કર્મીઓની દેખભાળ કરવાની જરૂરિયાત છે. સરકાર તરફથી પૂરી નિષ્ઠાની સાથે સંરક્ષણની કોશિશો કરવામાં આવી રહી છે. આપને જણાવી દઈએ કે છેલ્લાં કેટલાંક દિવસોમાં ભારતમાં કોરોના વાયરસનાં કેસ સતત તેજીથી વધી રહ્યાં છે. છેલ્લાં ૩-૪ દિવસમાં તો દરરોજ ૮ હજારથી પણ વધારે કેસ સામે આવ્યાં છે જ્યારે ગુરૂવારનાં રોજ ૯ હજારથી વધારે કેસ રિપોર્ટ થયાં છે. ગુરૂવારનાં રોજ સવાર સુધી દેશમાં કોરોના વાયરસનાં કુલ કેસની સંખ્યા ૨.૧૭ લાખ પહોંચી ગઈ, જ્યારે મરનારાઓનાં આંકડા ૬ હજારને પાર થઈ ગયો છે.

છઠ્ઠીએ બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી જાય છે. ઉત્તરમાં કારાકોરમ પાસ, જે લગભગ ૧૮ કિલોમીટર લાંબો છે અને અહીં દૌલાત બેગ ઓલ્ડિ છે, જે દેશનો સૌથી ઊંચું એરફિલ્ડ છે. હવે કારાકોરમ દૌલાત બેગ ઓલ્ડિ સાથે માર્ગ દ્વારા જોડાયેલ છે. દક્ષિણમાં ચૂમર છે, જે હિમાચલ પ્રદેશથી સંપૂર્ણ રીતે જોડાયેલ છે. પેનગોંગ તળાવ પૂર્વી લદ્દાખમાં ૮૨૬ કિલોમીટરની સરહદની મધ્યમાં ખૂબ નજીક છે. ૧૯ છેપ્રેજંગસ્ટ ૨૦૧૭ના રોજ, પેંગોંગ તળાવ પર બંને દેશોના સૈન્ય વચ્ચે ઘર્ષણ થયું હતું. કેટ્રો જનરલ દ્વારા સ્થિર તળાવ પર તાલીમ આપવામાં આવી હતી. પેંગોંગનો અર્થ લદ્દાખની ભાષામાં છે, ઊંડો સંપર્ક છે અને ત્સો એક તિબેટીયન શબ્દ છે જેનો અર્થ છે તળાવ. આ તળાવ હિમાલયમાં ૧૪,૦૦૦ ફૂટથી વધુની ઉંચાઈ પર છે. તળાવ લેહથી લગભગ ૫૪ કિલોમીટરના દક્ષિણ પૂર્વમાં છે. ૧૩૫ કિલોમીટર લાંબા તળાવ ૬૦૪ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો છે. શિયાળામાં સંપૂર્ણપણે થીજી જતા થયેલા તળાવ વિશે કહેવાય છે કે ૧૯ મી સદીમાં ડોગરા કિંગડમના જનરલ ઝોરાવરસિંહે તેમના સૈનિકો અને ઘોડાઓને થીજી ગયેલા તળાવ પર તાલીમ આપી હતી. ત્યારબાદ તે તિબેટમાં પ્રવેશ્યો. આ તળાવનો રસ્તો ચીન માટે ફાયદાકારક છે. જોકે આ તળાવની વ્યૂહરચના બહુ મહત્વની નથી. પરંતુ તે ચુશુલના માર્ગમાં આવે છે અને તે ચીનના માર્ગ પર છે. કોઈપણ હુમલા સમયે ચીન આ માર્ગની મદદથી ભારતની સીમામાં પ્રવેશ કરી શકે છે. ૧૯૬૨ ના યુદ્ધમાં બંને દેશો પહેલીવાર સામ-સામે હતા ત્યારે ચીને આ માર્ગનો ઉપયોગ કરીને હુમલો શરૂ કર્યો હતો.

શ્રદ્ધાદીપ લેબોરેટરી વિશ્વસનિયતા અને શ્રેષ્ઠ ગુણવત્તા માટે રાષ્ટ્રીય પ્રમાણપત્ર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની જાણીતી ખાનગી લેબોરેટરી શ્રધ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીને તેની શ્રેષ્ઠ ગુણવત્તા અને વિશ્વસનિયતા માટે એનએબીએલ (નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝ)નું રાષ્ટ્રીય પ્રમાણપત્ર મળ્યુ છે.

એનએબીએલ ઓથોરીટી સમગ્ર દેશની લેબોરેટરીઓની ગુણવત્તા અને શ્રેષ્ઠતાની ચકાસણી વિવિધ માપદંડોના આધારે કરે છે. ખાસ કરીને લેબોરેટરી દ્વારા રોજે રોજ થતા ટેસ્ટ, ટેસ્ટની એક્યુરસી, લેબની સ્વચ્છતા અને લોકોની વિશ્વસનીયતાના આધારે લેબોરેટરીની ગુણવત્તાની ચકાસણી કરી તેને રાષ્ટ્રીય પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શ્રધ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીને બધા જ પ્રકારના કંટ્રોલ અને કેલીબ્રેશનના સતત કાર્ય પછી એનએબીએલ સર્ટિફાઈડ લેબોરેટરી તરીકે પ્રમાણિત કરી છે. જેમાં શ્રધ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીની દરેક બ્રાન્ચ અને કલેક્શન સેન્ટરને આવરી લેવામાં આવ્યા છે.

ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના કર્મયોગી ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીનું દુઃખદ અવસાન

ગાંધીનગર જિલ્લામાં ચિલોડા હોમગાર્ડ સબ યુનિટની સેવાકીય પ્રવૃત્તિમાં મોખરાનું અને ગૌરવપૂર્ણ સ્થાન રહેલુ છે. જેમાં હોમગાર્ડ સબ યુનિટના મુખ્ય સેવા ભેખધારી-કર્મયોગી ઈન્ચાર્જ ઓફિસર તરીકે સેવા બજાવતા એન.જે. સોલંકીનું વિશેષ પ્રભાવિત રીતે યોગદાન રહેવા પામ્યુ છે. ત્યારે ચિલોડા યુનિટ દ્વારા હરહંમેશ માર્ગદર્શક અને પથદર્શકની ભૂમિકા બજાવતા એન.જે. સોલંકીની સામુદાયિક સાર્વત્રિક પ્રશંસનીય પ્રવૃત્તિઓ નોંધપાત્ર રીતે ચારેબાજુ સુવાસરૂપે ફેલાયેલી હતી. ત્યારે ચિલોડા વિસ્તારમાં વિશિષ્ટ હોમગાર્ડઝ જવાનોની પ્રશંસનીય સેવાકીય કામગીરીથી એન.જે. સોલંકી રાહબર બન્યા હતા. એન.જે. સોલંકી-ઉજી જૂને હોમગાર્ડ યુનિટના કાર્યાલયમાં ફરજ બજાવતા અચાનક હાર્ટએટેક આવતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જવાયા હતા. ત્યાં તેમને અંતિમ શ્વાસ લીધો હતો. તેમની વિદાયથી સમગ્ર વિસ્તારમાં સાચા કર્મયોગી ગુમાવવાથી શોક અને આઘાત સૌમાં પ્રસરી જવા પામ્યો હતો. તેમના આત્માને પરમ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

કેસ વધતા ચિંતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાય છે. બે દિવસમાં કોરોનાના કેસમાં તેજ ગતિએ વધારો થયો છે. જયારે હવે શહેરનુ એક પણ સેકટર કોરોનાથી બાકાત નથી રહ્યુ. ઈન્ફોસીટીમાં પણ આજે કોરોનાનો પોઝિટીવ કેસ નોંધાતા સમગ્ર શહેરમાં કોરોના વ્યાપી ગયો છે. શહેરના તમામ સેકટરોમાં પણ કોરોનાએ એન્ટ્રી લઈ લીધી છે. ત્યારે લોકડાઉનમાં અપાયેલી છુટછાટ સાથે જાહેર કરાયેલા અનલોક વન અન્વયે આમ નાગરિકોએ વધુ સાવધાની દાખવી સરકારી ગાઈડલાઈનનુ યોગ્ય પાલન કરવાની અનિવાર્યતા છે. કોરોનાથી ભય રાખ્યા વિના સાવચેતી રાખી સોશિયલ ડીસ્ટન્સીંગ, સેનેટાઈઝેશન સહીતની બાબતો રોજીંદા જીવનનો ભાગ બની ગઈ છે. પરંતુ કામ સિવાય હજુ પણ નાગરિકો ઘરની બહાર ન નિકળે અલબત્ત લટાર મારવા માટે નિકળવુ પણ સલાહભર્યુ નથી. કોરાના સામે જીત મેળવવા માટે યોગ્ય તકેદારી રાખવી અનિવાર્ય છે.